# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૧ • તા. ૬ ડિસેમ્બર થી ૧૨ ડિસેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# કેડીઓ દિવ્યાંગો માટે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે અનોખી સેવાઓ



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**
**ચંદ્રેશ વિરચંદ છેડા**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**
**Email :**
**gyatimaiya2018@gmail.com**

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ચિંતા ચિતા સમાન

આધિ વ્યાધિ અને ઉપાધિ બધાને એક અથવા બીજા પ્રકારે સતાવે છે. ચિંતા તો જણ માત્રને પીડે છે, ચિંતા કોને નથી? એવી વ્યક્તિ કે એવો ન ફિકરો ઈન્સાન શોધવો મુશ્કેલ થઈ પડે એવું છે. પણ તેનો બોજ લઈ ફર્યા કરવાથી કંઈ વળવાનું નથી. ચિંતા એ એવી ઊધઈ છે જે સતત માંહ્યલાને ખોતરી ખોતરી ખોખલું કરી નાખે છે. મન, મગજ અને આત્મા ત્રણેયને અંદરથી કોતરીને ગુફા જેવા વિકરાળ, બિહામણા બનાવી દે છે. મોટા ભાગની ચિંતા એ બિનજરૂરી, નાહકની અને સ્વભાવગત ડર, ભય કે ભીતિથી થતી હોય છે. જેને મક્કમ મનથી ટાળી શકાય છે.

માણસને જેટલી વર્તમાનની ચિંતા નથી એટલી ફિકર ભવિષ્ય માટેની છે. સ્વાર્થ, ભય, લોભ અને લાલસાના કારણે ચિંતા ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં કરેલી ભૂલોને સ્મરી, ભવિષ્યમાં મારું શું થશે? તેની કલ્પના માત્રથી ચિંતાનો ફડફડાટ પેસી જાય છે. જીવનરૂપી સાગરમાં ભરતી અને ઓટ, તોફાન અને ઉછાળા આવતા રહે છે. જીવનમાં દુ:ખ, મુશ્કેલી અને આફતો આવ્યા કરે છે. કોઈ કાયમી સુખી કે દુ:ખી રહેતું નથી. આ એક એવું ચક્ર છે જે સદાય ફરતું રહે છે. સમય ચક્રમાં ફરતાં ફરતાં આપણે પણ ક્યારેક ઊંચા, તો ક્યારે નીચા રહી જઈએ છીએ. આ ઉન્નતિ અને અધોગતિની રમત જે ને ગણકારીએ તો તન, મન અને તંદુરસ્તીને કંઈ અસર થતી નથી.

ઘણીવાર દુ:ખ અને આપતિ આવ્યાની પહેલાં ભયથી માણસ ઢીલો પડી જાય છે. ખોટી ચિંતાથી જીવ બાળ્યા કરવાનો કંઈ મતલબ નથી. દુ:ખને વાગોળ્યાં કરવાથી એ વધતું રહેવાનું છે. પડશે એવા દેવાશેની નીતિ રાખનાર ખરાબ સમયને પણ સુખરૂપ લાંઘી શકે છે.

મોટા ભાગના દુ:ખો પોતાના મનની સર્જન પ્રક્રિયાથી પેદા થાય છે. દરેક પ્રશ્નનું નિરાકરણ શાંતિ ધીરજતા અને મક્કમતાથી થાય છે. ધૈર્ય હિંમત અને ડહાપણના ત્રિશૂળ શસ્ત્રથી જ તેનો ખાતમો થઈ શકે છે. આપણે કરેલી ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરી શીખને સમજણ લઈએ તો દરેક મુસીબત કે ચિંતાનો સરળતાથી રસ્તો નીકળી શકે છે.

આપણી સમસ્યાનો ઉકેલ અન્ય પાસે માંગવાનો અર્થ નથી. ગામને મોંઢે ઢાંકણું રહેવાનું નથી અન્ય એકને પણ થયેલી જાણ ભવિષ્યમાં અનેકને થવાની છે એ સમજીને કોઈને આપણી વાતથી અવગત કરાવવું. આજને નજર સમક્ષ રાખી એતો ભવિષ્યની બિલકુલ ચિંતા કે ફિકર રહેવાની નથી. કેટલીક વખતે ઠોકર ખાવાથી પણ સભાનતા અને સજાગતા આવે છે. કંઈ ગુમાવવાથી જ નવું પ્રાપ્ત થાય છે. બીજ જમીનમાં દટાઈ પોતાનું અસ્તિત્વ ઓગાળે છે. ત્યારે જ વટવૃક્ષનું સર્જન થાય છે.

મોટા પ્રકારે ચિંતા ધનસંપત્તિ વારસાને લગતી હોય છે. સગા સંબંધીઓ કે વ્યવહારને લગતી હોય છે. ચિંતા કોઈપણ પ્રકારની હોય, નાની કે મોટી એ જીવ માટે ચિતા પ્રગટાવવા જેવી છે. ચિતા જેમ નશ્વર શરીરને ખાખ કરે છે. તેવી જ રીતે ચિંતા જીવતે જીવ માનવ મનખાને ક્રમશ રીતે રાખ કરી નાખે છે. માટે જ કહેવાયું છે. ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપબલ, જ્ઞાન, ચિંતા બડી અભાગણ ચિંતા ચિતા સમાન.

– જય જ્ઞાતિમૈયા

# વાંચન એટલે વિશ્વ તરફ ઊઘડતી બારી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

અગાઉ સતત વાંચનમાં મોઢું ઊંધુ ઘાલીને બેઠો હોય તેને સૌ પુસ્તકીયો કીડો કહી ઉપહાસ કરતા હતા. આવા પ્રકારના અમુક જ જણ હતા પણ તેનાથી ઊલટું આજે મોંઢુ નીચું કરીને મોબાઈલની સ્ક્રીન પર નજર માંડી બેઠા હોય છે તેને શું કહીશું? આવા વ્યસની ઘણા બધા છે. જે રમતોનો આનંદ વાંચનની મજા, માણવાથી વંચિત રહે છે. દર વર્ષે વિશ્વભરમાં તા.૯ ઓગસ્ટનો દિવસ નેશનલ બુક લવર્સ ડે તરીકે મનાવાય છે. એટલે કે રાષ્ટ્રીય પુસ્તક પ્રેમી દિવસ. આ તારીખ વાંચનના આનંદ અને પુસ્તકો પ્રત્યેના પ્રેમને સમર્પિત છે. આજે દિવસો દિવસ પુસ્તક વાંચનથી આજની યુવા પેઢી વિમુખ બનતી રહે છે. ત્યારે આ દિવસ શું મહત્વ ધરાવે છે. તેનો સૌ એ ખ્યાલ ધરાવવો જોઈએ.

વાંચનથી થનારા લાભ જાણીએ તો જ્ઞાનાત્મક ભંડારમાં વધારો થાય છે. તણાવ ઘટે છે. જ્ઞાન અને વિચાર દ્રષ્ટિકોણનો વિસ્તાર કરે છે. શબ્દ ભંડોળમાં વધારો અને ભાષા કૌશલ્ય સુધરે છે. સહાનુભૂતિ અને ભાવનાત્મક લાગણીઓને પ્રોત્સાહન મળે છે. આમ સમગ્ર રીતે પોઝીટિવ, વાઈબ્સમાં વધારો થાય છે એ વાંચનની ખૂબી છે ખાસિયત છે.

વાંચન એક પ્રકારે મગજ માટે ઉપયોગી થાય એવી કસરત છે. જે મનને સક્રિય રાખે છે. જેમ શારીરિક પ્રવૃત્તિ શરીરના અંગોને મજબૂત બનાવે છે તે પ્રકારે નિયમિત વાંચનની પ્રવૃત્તિથી યાદશક્તિમાં વધારો, સારી એકાગ્રતા કરે છે અને ઉંમર વધવાની સાથે જ્ઞાનાત્મક શક્તિના ઘટાડાના જોખમને પણ ઓછું કરે છે. આજના જેટ ગતિ જેવા ઝડપી ગતિવાળા વિશ્વમાં તણાવ એ જીવનનો અનિવાર્ય ભાગ બની ગયો છે. તેમાં રાહત મળે એ માટે મનોમોહકને શોખ હોય એ પ્રકારના વાંચનમાં ખૂંપી જવાથી તણાવનું સ્તર ઘટે છે. આમ માનસિક રીતે આરામ અને શાંતિનો અનુભવ થાય છે. મગજને રાહત મળે છે અને જાણે નવો પ્રાણ વાયુ પ્રાપ્ત થાય છે.

પુસ્તકો એટલે માહિતીનો ભંડાર. પુસ્તકોમાં અઢળક વિષય વૈવિધ્ય હોય છે. કાલ્પનિક બિન-કાલ્પનિક, ઐતિહાસિક, અનુભવ સિધ્ધના લેખનનું વાંચન કરતાં હોય તેનાથી નવા વિચારો, નવી સંસ્કૃતિ અને નવા દ્રષ્ટિકોણથી પરિચિત થવાય છે. આમ વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને રીતે વિકાસ કરવામાં મદદ મળી શકે છે. વાંચન એટલે એક કલ્પતિ મિત્રને મળવું. આમ વાંચનને દૈનિક આદત બનાવવાથી સતત નવું શીખવામાં મળે છે. વાંચન એ અખૂટ ખાણ છે. એક કલ્પવૃક્ષ છે. જેટલું વધુ વાંચન થાય તેટલા વધુ શબ્દોથી પરિચિત થવાય છે. શબ્દ ભંડોળ વિસ્તૃત થાય છે. ભાષા કૌશલ્યમાં વધારો થાય છે. સમૃધ્ધ શબ્દ ભંડોળથી કેવળ વાતચીતની ક્ષમતા સુધરતી નથી પણ વ્યક્તિગત અને વ્યવસાયિક બંન્ને રીતે ક્રિયા પ્રતિ ક્રિયાઓમાં આત્મવિશ્વાસને વધારે છે.

વિપુલ વાંચન કરવાથી જે તે લખાણના વિવિધ પાત્રોના સ્થાને પોતાને મૂકવાથી તેમના વિચારો, લાગણીઓ અને પડકારોનો અનુભવ થાય છે. જેનાથી સહાનુભૂતિને પ્રોત્સાહન મળે છે. ભાવનાત્મક લાગણીઓમાં વધારો થાય છે. પોતાનાથી અલગ દ્રષ્ટિકોણ ને સમજવા અને તેનાથી સંબંધિત થવાનું જોડાણ મંડાણ થાય છે. એટલે જ વાંચનને સમગ્ર વિશ્વ તરફ ખૂલતી વાતાયાન-હવાબારી કહી છે. જે સંપૂર્ણ સત્ય છે, જે અનુભવે સમજાય છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અમારા પરિવારના પરમ ઉપકારી ગુરૂભગવંતને જન્મદિનની શુભકામના...



સંઘ શાસન કૌશલ્યાધાર, પરમાર્થ મૂર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી

## કલાપ્રભસાગરસૂરીશ્વરજી

મહારાજા સાહેબ ને

**73મા જન્મદિવસે**

ભાવભરી કોટિ કોટિ વંદના



હે પરમ ઉપકારી ગુરૂવર !
આશીર્વાદ આપતા રહો કે અમે પણ ધર્મમય જીવન જીવીએ,
આરાધક આત્મા બનીએ એજ અંતરની આરઝુ...
આપ શતાયુ બની અચલગચ્છની આભા સમગ્ર વિશ્વમાં પ્રસરાવો
એજ અમ પરિવારની શુભ ભાવના...

અમારા શ્રી પરિવાર ઉપર જેમના આશીર્વાદ નિરંતર વરસતા રહે છે
એવા અમારા શ્રી સંઘના હિતકર, વાત્સલ્યદાયી
એવા ગુરુ ભગવંતને અમારી અભિવંદના.

જન્મદિને અહોભાવથી
વંદનમ્... અભિનંદનમ્... અભિવાદનમ્...

**જયમન લેરીન ખોના (પવઈ – સુજાપુર)**

# આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન ૨૦૨૫ નિમિત્તે કેડીઓ દિવ્યાંગ વિશેષ



**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિના વર્ષ ૨૦૨૫ ના મુખ્ય પ્રકલ્પો**




૧. પંચગીણી-મહાબળેશ્વરની યાત્રા ૨. દિવ્યાંગો માટે ફિલ્મનું ખાસ પ્રદર્શનઃ સીતારે જમીન પર ૩. વોટ્સએપ ગ્રુપ દ્વારા UDID કાર્ડ અને દિવ્યાંગો માટે ઉપલબ્ધ સરકારી લાભો વિશે માહિતીનો પ્રચાર ૪. શ્રી કચ્છી દશા ઓસવાલ વિદ્યાર્થી સંઘ સાથે ગરબા નાઇટ રંગતાળી ૫. મુંબઈ તથા આસપાસના વિસ્તારના દિવ્યાંગોને અનાજ વિતરણ ૬. બધા દિવ્યાંગજનો માટે દિવાળી ભેટ-ડ્રાયફ્રૂટ હેમ્પર

શ્રી દશા ઓસવાલ વિદ્યાર્થી સંઘ દ્વારા તા.૪ ઓક્ટોબરના રોજ ચેમ્બુરના ગ્રાન્ડ નાલંદા હોલ ખાતે યોજાયેલા ગરબા કાર્યક્રમ ''રંગતાળી'' માં શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિના સભ્ય દિવ્યાંગજનોએ, તેમના નિમંત્રણ પર ભાગ લીધો હતો.

તે બધા બધા દિવ્યાંગ સહભાગીઓ માટે એક યાદગાર સાંજ હતી. તેઓએ ખરેખર આ કાર્યક્રમનો આનંદ માણ્યો અને ખૂબ જ ઉત્સાહ અને ખુશી સાથે ગરબામાં ભાગ લીધો. આયોજક ટીમ દ્વારા બતાવાયેલ હૂંફ, સંભાળ અને સમાવેશની ભાવના હૃદયને સ્પર્શી જાય તેવી હતી.

કર્ણબધીર તૃપ્તિ નિલેશ પટેલને મટુકડીમાં ઇનામ મળ્યું. શ્રવણ શક્તિનો અભાવ હોવા છતાં પણ સંગીતના તાલ પર તે જે અદ્ભુત રીતે નૃત્ય કરે છે તે અકલ્પનીય છે!

# દિવ્યાંગતા પર કાર્યકુશળતાનો વિજય

'ફૂલ બનીને હસવું એ જિંદગી છે. હસીને દુઃખ ભૂલવું એ જિંદગી છે. જીતીને કોઈ કોઈ ખુશ થાય તો શું છે? કોઈના માટે હારીને ખુશ થવું એ જિંદગી છે.'

આ શબ્દોને નીનાબહેન લોડાયાએ જીવનમાં અપનાવ્યા છે. નીનાબહેનના બંને પગ લકવાગ્રસ્ત છે પણ તેથી શું? તેઓ ભરતકામમાં પાવરધા છે. કેન્વાસ ભરતમાં વિશેષ કૌશલ્ય પ્રાપ્ત કરીને આત્મનિર્ભર બન્યાં છે અને સ્વમાનભેર જીવે છે.




એક જમાનામાં ભાત બજાર કચ્છી દશા ઓશવાળ સમાજની વસાહત ગણાતી. હજુ પણ ઘણા પરિવારો વસવાટ કરે છે. અનંત નિવાસના બીજા માળે નીનાબહેન શામજી લોડાયા રહે છે, જે ઘૂંટણથી ઘરમાં ઘસડાઈને ચાલે. ૬૫ વરસનાં નીનાબહેન કાખઘોડીના ટેકા વિના ઊભા થઈ શકે તેમ નથી, પણ કેન્વાસ ભરતની હસ્તકળાએ એમને પોતાના પગ પર ઊભા રાખ્યા છે!

**કેન્વાસ ભરતમાં માહિર**

નીનાબહેન આમ તો ૨૫ પ્રકારના ભરત જાણે છે પણ કેન્વાસ ભરતકામમાં માહિર છે. સાડી, ચણિયાચોળી, ડ્રેસ ઉપરાંત ટેબલમેટ, રૂમાલ, પર્સ, ચશ્માંના કવર વગેરે વગેરે વસ્તુઓ પર સુંદર ભરતકામથી સજાવટ કરે છે. જેને વેલ્યુએડિશન કહી શકાય. ખાસ તો સાડી, ચણિયાચોળી અને ડ્રેસનું કામ એમની પાસે ઘણું રહે છે. કેન્વાસ ભરતનું બધું જ કામ જાતે કરવું પડે. કારીગરો પાસેથી કરાવી શકાય નહીં.

**વ્હીલચેરની જિંદગી**

# દિવ્યાંગતા પર કાર્યકુશળતાનો વિજય

નીનાબહેન લોડાયા પહેલાં કાખઘોડીથી ચાલતા પણ હવે એ પણ અસંભવ બન્યું છે અને વ્હીલચેર એમનો સહારો બની છે. વ્હીલચેર એમના શરીરનો જાણે હિસ્સો બની ગઈ છે.

**૨૫ પ્રકારનાં ભરતકામ જાણે**

નીનાબહેને કહ્યું, અમારી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિમાં ભરતકામનું વિશેષ મહત્ત્વ છે-પ્રણાલી છે. મને શોખ હતો એટલે જેમ ભરતકામના ૨૫ જેટલા ટાંકા શીખી, જેમ કે સિંધી ભરત, કાશ્મીરી ભરત, કચ્છી ભરત, ફ્રેન્ચનોટ, પોલો ટાંકો, આભલાં ભરત વગેરે મને આવડે છે, પણ કેન્વાસ ભરતનું કામ જટિલ છે અને સારી માંગ રહે છે. એટલે મેં એના પર વધારે ધ્યાન આપ્યું. જોકે, ક.દ.ઓ.જ્ઞાતિમાં કચ્છી ભરતની પ્રણાલી છે.

**કેન્વાસ ભરતનું બધુ કામ જાતે કરવાનું**

એમણે કહ્યું, કેન્વાસ ભરત માટે પહેલાં તો કેન્વાસ પર ડિઝાઈન કરવી પડે, કેન્વાસના દાણા ગણીને ભરવાના હોય. સૌપ્રથમ સ્કેચ પેનથી ડિઝાઈન કરાય. આ કામ જાતે કરું, સાધનમાં સોય, દોરો અને કેન્વાસ ફૂલ, પાન, મોર, કાગડો જેવા પક્ષીની ડિઝાઈન કરાય. ફૂલની ડિઝાઇન વધારે ચાલે છે. ઓર્ડર મળે તે પ્રમાણે ડિઝાઇન કરું.

**એક સાડી ભરવામાં છ મહિના લાગે**

'એક સાડી કે ચણિયાચોળી ભરવામાં ચાર-છ મહિના નીકળી જાય. ખૂબ ધીરજ માગે તેવું કામ છે. શાંત ચિત્તે કરવું પડે ક.દ.ઓ.જ્ઞાતિના ઉપરાંત વીસા ઓશવાળ અને ગુજરાતીઓ ગ્રાહક છે.'

**મારા સહયોગીઓ**

એમણે કહ્યું, ભરતકામની કળા હું ધનપાલભાઈ દંડ પાસેથી શીખી.ગુજરાતી ફિલ્મના દિગ્ગજ કલાકાર સ્વ. ચાંપશીભાઈ નાગડાની દીકરી મીના નાગડા મારી સહેલી છે. એનો મને ઘણો સપોર્ટ છે અમે બંને સાથે જ કામ કરીએ છીએ. એ પણ ભરતકામ જાણે છે. હું બહાર જઈ શકું નહીં એટલે મીના બહારનું બધું જ કામ સંભાળી લે. એના મોટા ભાઈ રમેશભાઈ નાગડા પણ ખૂબ મદદ કરે. મારા ભાભી હેમાબહેન લોડાયા મારી ખૂબ સંભાળ રાખે છે.

નીનાબહેને કહ્યું, મારાં માતા-પિતા સરલાબેન અને શામજીભાઈ લોડાયા હયાત હતાં ત્યારે મારી ખૂખ કાળજી લેતા. કાખઘોડી નહોતી ત્યારે મને ઊંચકીને બહાર લઈ જતા. એમના ગયા પછી ભાભીએ ખોટ સાલવા દીધી નથી. અમારી જ્ઞાતિના સમાજસેવિકા કાશ્મીરાબહેન લુઠિયા પણ મારું ધ્યાન રાખે છે.

**ટ્યુશન કલાસ પણ ચલાવે**

નીનાબહેને કહ્યું, 'હું એસએસસી ભણી છું', પણ ૧૧મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને હિન્દી, ગુજરાતી મરાઠીના ટ્યુશન આપું છે. પોલિયોનો હુમલો આવ્યો એ વિશે કહ્યું, બે વર્ષની હતી ત્યારે ભયંકર તાવ આવ્યો હતો. તેમાં કમર નીચેના શરીરનો આખો હિસ્સો લકવાગ્રસ્ત બની ગયો. બધા ઉપાય અજમાવી જોયા છેવટે કાખઘોડી અને પગમાં લોખંડના ભારે બૂટ પહેરીને ચાલવાનું શરૂ કર્યું હતું.

નીનાબહેને કહ્યું, અમારી જ્ઞાતિની સંસ્થા દ્વારા મારું સન્માન કરાયું હતું. મહિલા દિને તાજ પહેરાવીને શાલ અર્પણ કરી હતી.

**કેન્વાસની તંગી કેમ દૂર કરવી?**

હાલમાં કેન્વાસની તંગી સર્જાઈ છે. હું મદુરા કોટનું કેન્વાસ વાપરું છું. જે હાલમાં મળતું નથી. આ અથવા આ જ પ્રકારનું કેન્વાસ મળે તો મારું કામ ચાલુ રહી શકે. હાલમાં થોડું કેન્વાસ મારી પાસે છે. તેનાથી કામ ચાલે છે. મને ઉપયોગી કેન્વાસ કોઈ ઉપલબ્ધ કરાવી આપે તો ઘણું સારું થાય.


**કુદરતની દેન**

અંતમાં એમણે કહ્યું, નાની હતી ત્યારે દિવ્યાંગતાથી દુ:ખી થતી પણ હવે મને જરા પણ દુ:ખ નથી. ભગવાને આપ્યું છે તે સ્વીકારી લીધું છે. હસતા રહી જીવનનૈયા પાર કરવી છે.





# બહુમુખી પ્રતિભાશાળી અને સર્જનાત્મક કલાકાર
# કવિતા ખોના દ્વારા બનાવેલી કેટલીક સુંદર રંગોળીઓ







# પંક્તિ નાગડાની ઊંડાણ ભરી પંક્તિઓ!



**गिरकर चलना सीखा है**

गिरकर ही चलना सीखा है,
चलते-चलते संभलना सीखा है।
संभलते-संभलते उड़ना सीखा है,
हर मुश्किल में हँसना सीखा है।
राह में चाहे हों कितनी रुकावटें,
हमने उन सबसे लड़ना सीखा है।
हार-जीत तो बस खेल है जीवन का,
हारकर भी आगे बढ़ना सीखा है।
ठोकरों ने सिखाई मज़बूती,
दर्द ने दिया हौसलों को आकार।
गिरकर, उठकर, फिर से चलना
यही है जीवन का असली आधार।

**मन की आवाज़**

कुछ तो लोग कहेंगे,
लोगों का काम है कहना।
लोगों की बातों का बुरा मत मानो,
लोगों की बातों से मत घबराओ,
उन्हीं से सीखकर आगे बढ़ जाओ,
उनकी बातों से सीखो और कोशिश करो।
हम तो वही करेंगे,
जो हमें करना है
समझना है, सुनना है।
हम तो सिर्फ अपने दिल की,
और अपने मन की आवाज़ सुनेंगे,
क्योंकि हमें आगे बढ़ना है।
जो सही लगे, वही करना है,
क्योंकि जीवन हमारा है।
हर कदम सोच-समझकर चलना है,
दिल की सुनो – डरना नहीं है।
सपनों को हक़ीक़त में बदलना है,
यही है मन की सच्ची आवाज़।

**मुस्कान**

ये मुस्कान कितनी अच्छी लगती है सबपे,
और यही मुस्कान है जो बहुत से दर्द छुपाती है
सबसे ।
अगर कोई मायूस हो
और इस मुस्कान को देखे
तो वो भी मुस्कुराए।
किसीको देख के मुस्कान आती है,
तो किसीको याद करके
किसके चुटकुलों पे मुस्कान
आती है,
तो किसके किस्से सुन के मुस्कान आती है,
पर जो भी हो चेहरे पर मुस्कान तो आती है।
क्योंकि जिंदगी में मुफ़्त और कीमती ये मुस्कान
ही है
बाकी सब तो कीमती है ही
पर मंहगा बहुत है भाई।।
इसलिए ही इसे मुस्कान कहते है।

# જ્ઞાતિના દિવ્યાંગજનોને દિવ્યાંગ સમિતિ દ્વારા દિવાળી નિમિત્તે ભેટ અપાઈ

દિવાળીના શુભ અવસરે, શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિએ દેશના વિવિધ પ્રાંતોમાં રહેતા દિવ્યાંગજનોના ઘરોમાં તેઓએ દિવાળી નિમિત્તે સૂકા મેવાની કિટનું વિતરણ કર્યું. આ પ્રકલ્પ માટે સ્વ. શ્રી કાંતિલાલ કરમશી વિકમશીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી કાશ્મીરાબેન કાંતિભાઈ વિકમશીએ યોગદાન કર્યું હતું.

દેશના ચારેય ખૂણામાં વસતા ૫૨ દિવ્યાંગનોને ઉત્કૃષ્ટ ક્વોલિટીના સૂકા મેવાના પેકેટ પહોંચાડવામાં આવ્યા. તેમાં, ૨૨ મુંબઈ તથા આસપાસના વિસ્તારના, ૧૬ કચ્છના તથા ૧૪ અન્ય રાજ્યોના દિવ્યાંગો શામેલ હતા.

ગાંધીનગર અને આસપાસના વિસ્તારો માટે પ્રિયંક નાગડા અને નલિયામાં મહેશ નાગડાએ સ્વેચ્છાએ આગળ આવી દિવ્યાંગોને દીવાળીનો ઉપહાર પહોંચાડવાનું કાર્ય કર્યું હતું. તેમનું આ નિસ્વાર્થ સહયોગ ખૂબ જ નોંધપાત્ર છે.









**પ્રતિભાવ**

શ્રીમતી કાશ્મીરાબેન કાંતીલાલ વીકમશી – નવા વર્ષની આપને ખૂબ શુભેચ્છા

હર હમેશની જેમ દિવ્યાંગો પ્રત્યે આપની લાગણી અમારૂં દિલ જીતી લે છે મારૂં શીશ આપના ચરણકમલમાં નમે છે. પ્રભુ ને પ્રાર્થના આપના સહપરિવાર એ સુખ, સમૃધ્ધ અને સ્વસ્થ રાખે. આપની પાસે લાગણીશીલ ઉચ્ચ ભાવના છે. આપના સાર્ધમિક ભક્તિ સુકામેવાની બેગ અમોને મળી. હર હમેશ આવા સત્કાર્ય આપના શુભ હાથો થી થાય. આપના હ્રદયમાં દિવ્યાંગો પ્રત્યેની સહાનુભુતી અખંડ રહે. પ્રભુ આપને સત્કાર્યમાં સાથ આપે. આપના પરિવારને મારા પરિવારના નમન.

– મુકેશ જે. ગોસર (બારોઈ–મુંદ્રા)

જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં જામનગરની ખ્યાતિ વોરાએ મનોદિવ્યાંગ કેટેગરીના ખેલ મહાકુંભમાં ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક તથા બોચી ગેમમાં ભાગ લીધેલ. બોચી ગેમમાં તેણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેનો ભાઈ મયુર વોરા પણ રમત ગમત ક્ષેત્રમાં, વિવિધ સ્તરોએ સક્રિય હોય છે. બંને ભાઈ બહેન જિલ્લા તથા રાજ્ય કક્ષાના ખેલ ઉત્સવોમાં સતત ભાગ લઈ સારું પરિણામ પણ લાવી રહ્યા છે.










# બેન્ગલુરુ સ્થિત ભારતીબેન ખુશાલ છેડાની કલાત્મક કારીગરી







।। જય શ્રી સચ્ચાઈ માતાજી ।। ।। જય શ્રી જી પીર બાપા ।।



# કચ્છ નલિયા નગરે ખોના ગોત્રના બિરાજમાન
# શ્રી સચ્ચાઈ માતાજી તથા શ્રી જી પીર બાપાના
# સમૂહ નૈવૈધ પ્રસાદ તથા માતાજી ની ભક્તિભાવના

માતાજી તથા બાપાની અપરંપાર કૃપા અને આશીર્વાદથી તેમના
પાવન નૈવેધ પ્રસાદ પ્રસંગનું ભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે.
આ પાવન પ્રસંગે નલિયા ગામના ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના
**શ્રી સચ્ચાઈ માતાજી**ના સ્થાનકે તથા **શ્રી જી પીર બાપા** સ્થાનકે નમતા
નલિયા, જખૌ, સાંચરા, મંજલ રેલડિયા, ગોએરસમા તથા મોટી ખાવડી ગામના
**સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા**

## ભાવભર્યા નિમંત્રણ...

**શુભ દિવસ :** પોષ સુદ ૮, તા.: રવિવાર, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫
**શુભ સમય :** સવારના ૮.૩૯ કલાકે
**શુભ સ્થળ :** હોરાઈઝન હોલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ)



નિજ ભાવથી માતાજીને પોકારે,
માતાજી એ ભાવથી જ મળવા આવે,
ભક્તના દિલમાં જ માતાનું ધામ,
શ્રદ્ધા હોય ત્યાંજ મળે આરામ.



આ શુભ અવસર પર સૌ મળી
માતાજી તથા બાપાના નૈવેધ પ્રસાદનો લાભ લઈએ.
ભક્તિભાવના વધારીએ, સૌના સ્નેહ અને સમર્પણને એકત્રિત કરીએ.
અને સમૂહરૂપે આ પવિત્ર અવસર માતાજી તથા બાપાના ચરણોમાં પ્રાર્થના,
ભાવ અને આરાધનાથી ઉપસ્થિત રહીએ, એજ અમારી હાર્દિક વિનંતી.

### વિશેષ જાણકારી માટે સંપર્ક સમિતિ

**શ્રી લલિતભાઈ કુંવરજી ખોના (માતાજી ના ભુવાશ્રી) :**
**૯૯૨૦૪ ૦૩૯૫૦ / ૯૪૨૮૨ ૬૩૨૮૭**

| | |
|---|---|
| શ્રી ચેતન માણેકચંદ્ર ખોના | : ૯૩૨૪૪ ૬૧૮૯૪ |
| શ્રી અમિત જેઠાલાલ ખોના | : ૯૩૨૧૭ ૦૫૫૧૧ |
| શ્રી લીતેશ હીરાચંદ ખોના | : ૯૬૧૯૪ ૯૩૪૭૨ |
| શ્રી જીગર હીરાચંદ ખોના | : ૯૮૧૯૨ ૫૯૭૯૯ |
| શ્રી ચીમનલાલ હીરજી ખોના | : ૯૮૨૧૦ ૬૯૨૫૫ |
| શ્રી ફાલ્ગુન લખમશી ખોના | : ૯૮૨૦૬ ૨૦૪૯૯ |

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના આગામી ત્રણ વર્ષ માટે ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યો બિનહરીફ ચૂંટાયા

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીગુણસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની આગામી ટર્મ વિક્રમ સંવત ૨૦૮૨ થી ૨૦૮૪ સુધીના ત્રણ વર્ષ માટે ૧૨ ટ્રસ્ટીઓ તથા ૧૩ વ્યવસ્થાપક સમિતિના સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા છે. જેમાં દશાઈ જ્ઞાતિના નયન અશોક ભેદા-વારાપધ્ધર મનિષ વિક્રમભાઈ શાહ-સાંધાણ, અભય પદમશી ખોના-સાંધવ, શૈલેષ ગોવિંદજી ધરમશી-સાંયરા, ટ્રસ્ટીઓ તરીકે તથા અશ્વિન ધનજી મૈશેરી-જખૌ, રાજેશ જયંતીલાલ લોડાયા-મોટી ખાવડી, હિતેશ મૂલજી મૈશેરી-કોઠારા, ઉદય ભોજરાજ નાગડા-રાપર ગઢવાળી, વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયેલા ચૂંટણી અધિકારીઓ ભૂપેન્દ્રભાઈ કેશવજી ગોસર-વીઢ, ડૉ.સી.એ.હિરાચંદભાઈ દામજી દંડ-મંડલ રેલડિયા, મગલચંદ માણેકચંદજી શેઠ-ભીનમાલ, જયંતકુમાર ચિમનલાલ સંઘવી-મુંદ્રા તરફથી જાહેર કરાયા છે.

જ્ઞાતિના ચાર ટ્રસ્ટીશ્રીઓ તથા ચાર વ્યવસ્થાપક સમિતિના સભ્યોને હાર્દિક અભિનંદન સાથોસાથ તેઓના પદભાર હેઠળ શ્રી સંઘના નેજા હેઠળ જિનશાસનના ઉતમોત્તમ ધર્મ કાર્યના આયોજન અવિરત થાય એવી શુભકામના.

---

# મોટી સિંધોડીના જિયાંશ-જિનાંશ મૈશેરી ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સનો ખિતાબ મેળવ્યો





મોટી સિંધોડી હાલે અમદાવાદના શ્રીમતી રશ્મિ અને જયદીપ દિનેશ મૈશેરીના ટવિન્સ પુત્રો જિયાંશ અને જિનાંશ હિન્દુસ્તાન બુક ઓફ રેકોર્ડસ દ્વારા યોજાયેલા ઈન્ટરનેશનલ અબેક્સ કોમ્પિટિશન સ્પર્ધામાં ભાગ લીધો હતો. બંન્ને જોડીયા બંધુઓએ તીક્ષ્ણ બુધ્ધિ, અવિશ્વસનીય સમર્પણ અને શ્રેષ્ઠતા સાથે અદમ્ય લગન દ્વારા એક અસાધારણ સીમા ચિન્હ હાંસલ કરી ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સ તરીકેનો ખિતાબ મેળવ્યો. આ ઉત્કૃષ્ટ ખિતાબ ફક્ત શ્રેષ્ઠ અને સૌથી ઉત્કૃષ્ટ સ્પર્ધકને જ પ્રાપ્ત થાય છે. જે બંન્ને જોડિયા ભાઈઓએ શ્રેષ્ઠ પર્ફોર્મન્સ દ્વારા દાખવ્યું.

આ નોંધપાત્ર મોટી સિધ્ધિ તેમની સખત મહેનત, એક લક્ષ્ય, ધ્યાન અને તેમના નિર્ધારીત ઉજ્જવળ ભવિષ્યને પ્રતિબિંબત કરે છે. નાની વયે મોટી સિધ્ધિ મેળવવા બદલ જિયાંશ અને જિનાંશને હાર્દિક અભિનંદન સાથે ઉજ્જવળ ભાવિ માટે શુભકામના.

અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને

પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી
શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને
આપ તેમના પ્રત્યેની
અનુમોદના,
આદરભાવ
તેમજ તેમના
સાથેના સંસ્મરણો
લખીને મોકલો

આપ આપની જાહેરાત પણ આપી શકો છો

કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# ગાંધીધામ નગર સંઘમાં ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ થયાં







કચ્છના દ્વાર સમા આર્થિક નગરી ગાંધીધામ શ્વેતાંબર જૈન સંઘના આંગણ મધ્યે અચલગચ્છના ગુરૂ ગુણોદય કૃપાપાત્ર સદાનંદી પ.પૂ. ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. સંયમેકલક્ષી પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.આદિ ઠાણા-૮ નું ગાંધીધામ નગરે વર્ષ ૨૦૨૫ નું ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણાહુતિ થઈ પરિવર્તનના દિવસે સાહેબ પાલીતાણા તરફ વિહાર કર્યો હતો.

આ ઐતિહાસિક ચાતુર્માસ દરમિયાન સાહેબના મુખે જીનવાણી અને પોતાનો લક્ષ નક્કી કરવાનો તેમનું સચોટ માર્ગ બધાને આપ્યો હતો સાથે સાથે વિવિધ આરાધના અને તપ જપ થઈ હતી. ચાતુર્માસ દરમિયાન વિવિધ સ્થળેથી સંઘો તેમના દર્શન વંદને આવ્યા હતા. સાહેબજીના પરિવર્તન દિવસ પહેલા સંઘ દ્વારા ચાતુર્માસના વિવિધ દાતાઓનું સન્માન સાથે અચલગચ્છનું સ્નેહ મિલન અને સાધર્મિક ભક્તિ સ્વામી વાત્સલ્ય જમણવાર રાખવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી મિતેશ ધરમશી એ સૌને આવકાર્યા હતા મંત્રી શ્રી જીતેન્દ્ર છેડાએ ચાતુર્માસ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓની માહિતી સંઘને આપી હતી. કાર્યક્રમનું સંચાલન ખજાનચી જીગર મૈશેરી અને સહમંત્રી કેતન લોડાયા એ કર્યું હતું. આભાર વિધિ જિનેશ શાહે કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રસંગિક ઉદબોધન ચંપાલાલ પારેખ, મૂળચંદ વોરા, પ્રબોધ મુનવર વગેરે આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીધામના સમસ્ત જૈન સમાજના ૧૫૦૦ વ્યક્તિઓએ લાભ લીધો હતો અને આ વર્ષેનો ચાતુર્માસ ભુલાય નહી એવી ઐતિહાસિક ક્ષણો બધાના દિલમાં કંડારી ગઈ હતી.

ચાતુર્માસ સફળ બનાવવા માટે સંઘના મિતેષ ધરમશી, જીતેન્દ્ર છેડા, ચંદ્રકાન્ત શાહ, કેતન લોડાયા, જીગર મૈશેરી, વત્સલ છેડા, મિતેષ મોતા, ધવલ લોડાયા, જિનેશ શાહ, અનીશ લોડાયા, કેતન ગંગર, વિપુલ વીરા, મયુર ધરમશી વિગેરે એ જહેમત ઉપાડી હતી.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૦૬/૦૭ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત સિનિયર સિટીઝન માટે બસ દ્વારા નાશિક-દેવલાલી-વણી-ધર્મ ચક્ર તીર્થ યાત્રા પ્રવાસ |
| ૦૭ ડિસેમ્બર ૨૦૨૫ | મોટી ખાવડી જૈન સંઘ આયોજિત પદ પ્રદાન મહોત્સવ. પૂ. સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.ને પ્રવર્તિની પદ તથા પૂ. સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ને સંઘસ્થવિરા પદ પ્રદાન. |
| ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ આયોજિત કેડીઓ તરંગ ૨.૦ સ્ટેચ્યુ ઓફ યુનીટી, ગુજરાત. |
| ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | નલિયા-ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રીજી પીર ને નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના ભાવિકોની પહેડી. સવારના ૮:૩૦ કલાકે, હોરીઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) |
| ૮ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠ્ઠાવીસ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| ૧૦/૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલીના પરિસરમાં રહેતા સભ્યો માટે માથેરાન પ્રવાસ બપોરના ૨.૦૦ ક. ટ્રેનથી શુભ પ્રસ્થાન |

# અચલગચ્છ સમાચારી પ્રમાણે જૈન પંચાગ કેલેન્ડર બાબતે અગત્યની સૂચના

દર વર્ષે મીલી સ્ટીલ્સ પ્રા.લિમિટેડના સૌજન્યથી શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ પૂર્વ દ્વારા અચલગચ્છ સમાચારી પ્રમાણે દર વર્ષે કેલેન્ડર પ્રગટ કરે છે જે દરેક સંઘોને ઘર દીઠ એક નકલ મોકલવાનો હેતુ છે. વર્ષ ૨૦૨૬નું અચલગચ્છીય મીલી કેલેન્ડર પ્રગટ થઈ ગયેલ છે. જેનું પેકીંગ તથા વિતરણની તૈયારી ચાલી રહી છે. દરેક સંઘ પાસેથી નીચે મુજબનો સાથ સહકાર અપેક્ષિત છે.

● સકલ સંઘોએ પોત પોતાની અપડેટેડ મેમ્બર લિસ્ટ વેબસાઈટ ઈ-મેઈલ-વોટસએપ નંબર પર અપલોડ કરવી. ● લિસ્ટનું ફોર્મેટ ફોર્મ ન હોય તો વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવું ● જે ફોર્મેટ ફોર્મ આપેલ છે એજ ફોર્મેટમાં લિસ્ટ સ્વીકારવામાં આવશે. ● જે સંઘોને ગયા વર્ષના લિસ્ટ પ્રમાણે કેલેન્ડર જોઈતા હોય તેમણે વોટસએપ પર તે પ્રમાણે મેસેજ અથવા ફોન કરવું અનિવાર્ય છે. ● ગયા વર્ષે ફોન/મેસેજ કરેલો એટલે આ વર્ષે આપોઆપ કેલેન્ડર આવી જશે એમ ન સમજવું. ● મીલી કેલેન્ડરના વિતરણ માટે અચલગચ્છ સંઘને પ્રાથમિકતા આપવામાં આવે છે. ● ઘર દીઠ એક મીલી કેલેન્ડર આપવામા આવે છે. ● બધા સંઘોને ખાસ વિનંતી કે આપના સંઘ સિવાયના અન્યત્ર વસતા વ્યક્તિઓના નામ લખશો નહીં. ● અચલગચ્છના લગભગ બધા સંઘોને લિસ્ટ પ્રમાણે કેલેન્ડર મોકલાય છે. તે છતાંય તમારી જાણમાં કોઈ સંઘ/દેશ/પ્રદેશ છૂટી ગયું હોય તો જાણ કરવા વિનંતી. ● આ સાધર્મિક પ્રવૃત્તિમાં જાણતા કે અજાણતા અચલગચ્છીય મીલી કેલેન્ડરનો વેડફાટ અને અશાતના ન થાય એ જ પ્રયત્નો કરાય છે. આપ સૌને પણ સહકાર આપવા વિનંતી.

વિશેષ નોંધ : ગામેગામના જિનાલયની વાર્ષિક ધ્વજાની તિથિનું સંકલન ચાલુ છે. તો આપના કચ્છ/હાલાર/મુંબઈ કે બહારગામના જિનાલયની વાર્ષિક ધ્વજાની તિથિ મોકલવા કૃપા કરશો. આ ધ્વજા તિથિ દેરાસરના લેટર હેડ પર આપવાની રહેશે તથા ગામનું નામ, દેરાસરનું નામ, એડ્રેસ આપનારનું નામ, સહી અને મોબાઈલ નંબર હોવા ફરજિયાત છે. વેબસાઈટ : www.milichok.org વોટસએપ નં.: ૯૧૩૬૦૪૫૫૯૯ ઈમેઈલ : calender@millchok.org

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**જયાબેન મોમાયા**
તા.૩૦ નવેમ્બર (ઉ.૭૮)
સાયરા-ઘાટકોપર




**કેશવજીભાઈ દંડ**
તા.૧ ડિસેમ્બર (ઉ.૭૬)
લાલા-કલંબોલી



**દમયંતીબેન દંડ**
તા.૧ ડિસેમ્બર (ઉ.૮૦)
મંજલ-મુલુંડ



**પ્રિતીબેન નાગડા**
તા.૧ ડિસેમ્બર (ઉ.૫૯)
રંગપુર-કાંદિવલી




**માણેકજીભાઈ ભેદા**
તા.૨ ડિસેમ્બર (ઉ.૯૫)
વારાપધર-મુલુંડ



**ડૉ.ખુશાલભાઈ વિસરીયા**
તા.૨ ડિસેમ્બર (ઉ.૭૫)
ભોજાય-મુલુંડ



**જગદીશભાઈ છેડા**
તા.૪ ડિસેમ્બર (ઉ.૬૫)
નલિયા



**હંસકુમાર દૌલત**
તા.૪ ડિસેમ્બર (ઉ.૭૨)
સુથરી-પરેલ



**દીપકભાઈ ડાઘા**
તા.૫ ડિસેમ્બર (ઉ.૩૫)
વરાડીયા-બોરીવલી



**હંસાબેન શાહ**
તા.૬ ડિસેમ્બર (ઉ.૬૭)
વારાપધ્ધર-માંડવી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT


**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● છેલ્લાં બે અઢી દાયકાથી કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ વેગવાન બન્યા પછી વિવિધ કલાઓની કૃતિઓની વેચાણ વ્યવસ્થા સ્થાનિક કરતાં વિદેશોની બજારમાં વધી છે. જેમાં ધનાઢ્ય દેશ અમેરિકા જેવા દેશોમાં કચ્છી કલા કારીગરી વસ્તુઓની નિકાસ વધી છે. વાર્ષિક કરોડોનો કારોબાર થાય છે. પરંતુ અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાતી માલ, પર ૫૦ ટકા ટેરિફ ઝીકતાં કચ્છી કસબ પર માઠી અસરના એંધાણ વર્તાઈ રહ્યા છે. વિદેશોમાં કોપરબેલ તરીકે ખરકી, ચર્મ, લાખ, ભરતગૂંથણની વસ્તુઓ પર મોટી અસર થઈ છે. આની અસરથી અગાઉ આપેલા ઓર્ડર રદ્દ થયા છે. અગાઉ સાતથી દસ ટકા વેરો લાગતો હતો જે ૫ ગણો થઈ જવાથી ધંધાને ફટકો પડ્યો છે અને પાંચ હજારથી વધુ પરિવારોને આના માઠા  પરિણામ ભોગવવા પડ્યાં છે.

● અતિ વરસાદના કારણે કચ્છના મુખ્ય ઉદ્યોગ પૈકીના મીઠાં ઉદ્યોગમાં ભારે નુકસાની થઈ છે. કડોલ, શિકારપુર વગેરે વિસ્તારોમાં મીઠાંના અગરોમાં પાણી વળ્યા તો ચુડવા, પડાણા, ચીરઈ, મીઠી રોહર, કિડાણા, ભારાપર વગેરે જગ્યાએ જમા કરેલું મીઠું ઓગળી ગયું છે. અગરોમાં વરસાદી પાણી ફરી વળતાં મીઠાંના કારખાનાઓના ક્યારા-પાળા તૂટી જવાને કારણે વ્યવસાયકારો મહિના પાછા ધકેલાઈ ગયા છે. વરસાદના કારણે ૨૦ ટકા મીઠું ધોવાઈ ગયું છે. તદ્ઉપરાંત ખાવડા, હાજીપીર, આડેસર, સાંતલપુર, શિકાપરપુર, જંગી, માળિયા, નવલખી ઈત્યાદી સ્થળોએ મીઠાં ઉદ્યોગને માઠી અસર થવા પામી છે.

● ગુજરાત વિધાનસભામાં પશુપાલન મંત્રીના જણાવ્યા પ્રમાણે ૩૧ માર્ચ ૨૦૨૫ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૪૭ સ્થાયી પશુ દવાખાના છે. છેલ્લાં બે વર્ષમાં ૧૨ નવા સ્થાયી પશુ દવાખાનાઓની સ્થાપના કરવામાં આવી છે. અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં ૧૯૬૨ પશુ એમ્બ્યુલેન્સ નખત્રાણાના ૩૯ ગામ, અબડાસાના ૫૩ ગામ અને લખપતના ૪૯ ગામ મળી કુલ્લ ૧૪૧ ગામ આવરી લેવાયા છે. જ્યારે ૨૩૨ ગામ આવરવાના બાકી છે.

● ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીના જણાવ્યા મુજબ ૩૦ જૂન સુધી કચ્છ જિલ્લામાં વિજ્ઞાનની એક વિનયન અને વાણિજ્યની ચાર, વિનયન અને વિજ્ઞાનની એક મળી કુલ્લ છ સરકારી કોલેજ આવેલી છે. બે વર્ષમાં વિજ્ઞાન, વિનય અને વાણિજ્યની એક કોલેજને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

● મુંબઈ ખાતે ઈન્ટરનેશનલ હાયરોક્સ ફિટનેસ રેસમાં ૪૦ દેશના ૩૫૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ભુજ તાલુકાના નારાણપર ગામના અને હાલે અમદાવાદ રહેતા ૩૨ વર્ષીય દેવેન ખેતાણી ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં આઠ કિ.મી.ની દોડ અને એક એક કિ.મી.ના અંતરે આઠ વર્ક આઉટ સ્ટેશન હોય છે. આ સ્પર્ધા સમગ્ર શરીર અને ધીરજ તથા તાકાતની કસોટી સમાન હોય છે.

● ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરો અને સંકુલમાં રખડતાં ઢોરોનો ત્રાસ છે. આખલાઓની લડાઈમાં અનેક લોકોએ જીવ ખોયા છે અને અસંખ્ય ઈજાગ્રત થયાં છે. પ્રજાના આક્રોશને પગલે રખડતા ઢોર પકડવાની કામગીરી શરૂ કરી હતી પણ તેમને ક્યાં રાખવા એની સમસ્યા હતી આનો ઉકેલ લાવવા ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનરએ ગૌશાળા સંચાલકોની એક બોલાવી હતી. જેમાં નવ ગૌશાળાના બાવીસ પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં વિવિધ ગૌશાળાઓએ ૩૨૦ પશુ સંભાળવા સંમતિ દર્શાવી હતી.

● ગાંધીધામ મહાનગરપાલિકામાં વધુ પાંચ ગામનો સમાવેશ થતાં ગંધીધામ તાલુકાનું અસ્તિત્વ અઢી દાયકા બાદ પૂર્ણ થઈ ગયું છે. અગાઉ ચાર ગામનો સમાવેશ કરાયો હતો. જેમાં બીજા પાંચ ગામોનો સમાવેશ મહાનગરપાલિકા વિસ્તારમાં થયો. હવે મહાનગરપાલિકામાં ગાંધીધામ-આદિપુર જોડિયા શહેર ઉપરાંત મેઘપર બોરીચી, મેઘપર, કુંભારડી, કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય સાથે હવે પડાણા, ચુડવા, મીઠી શહેર, ખારી શહેર ભારાપર ગામોનો સમાવેશ કરી લેવાયો છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank